

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧૬ નવેમ્બર, ગુરુવાર...** બ્રહ્મજ્યોતિ પર બિરાજી બહારગામથી પધારેલ અક્ષરમુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૭ નવેમ્બર, શુક્રવાર...** સાંજે *'તીરથ'* ઑડિટોરીયમમાં વ્રતધારી સંતોની સભામાં પધારી સૌને સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા.

**૧૮ નવેમ્બર, શનિવાર...** લાભપાંચમ નિમિત્તે સવારે વ્રતધારી સંતોના કર્મયોગ સ્થાને-અનુપમ એડહેસિવ્ઝ ફેક્ટરીમાં યોજેલ મહાપૂજામાં પધાર્યા. ત્યારબાદ યોગેન્દ્રભાઈના 'નિજાનંદ રિસૉર્ટમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ નવેમ્બર, રવિવાર...** બપોરે અમદાવાદ-બોપલમાં પ્રશાંતભાઈ પોપટના ઘરે પધરામણી કરી, જિતુભાઈ પોપટના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. સાંજે પ્રકાશભાઈ-પ્રભાબહેનના દીકરા દર્શ-જયતીના રિસેપ્શનમાં પધારી નવદંપતીને આશીર્વાદ આપ્યા.

**૨૦ નવેમ્બર, સોમવાર...** સતીશભાઈ ચતવાણી (યુ.કે.), સુધીરભાઈ અને રાજશ્રીબહેન (દુબઈ)નાં સ્વાગત કર્યાં. સાંજે વડોદરા વૅલકેર હૉસ્પિટલમાં પગની સારવાર લેતા સાધુ પૂ. રમેશદાસજી ઝાના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. દિશા-પ્રિયંક અડાલજા દ્વારા નાનાં બાળકો માટે નિર્માણ કરેલ 'નૉટીહેડ'માં પધરામણી કરી, સફળતા માટે ધૂન-પ્રાર્થના કરી. મિત્તલબહેન-ઊર્મિલભાઈના ઘરે વડોદરા મંડળની નવા વર્ષની સભામાં પધારી આશીર્વાદ અને આશીર્વાદ આપ્યા.

**૨૧ નવેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિ પર બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૨ નવેમ્બર, બુધવાર...** સાંજે *'તીરથ'* ઑડિટોરીયમમાં વ્રતધારી સંતોની સભામાં પધારી સૌને સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા.

**૨૩ નવેમ્બર, ગુરુવાર...** સાંજે *'અક્ષરમહોલ'*માં શાકોત્સવમાં પધારી સૌ કાર્યકર્તાઓની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી સૌને આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ નવેમ્બર, શુક્રવાર...** રાત્રે ગુરગૌલા સ્થિત મંદિર પાટોત્સવ પ્રસંગે પધારતા સંતોને તેઓની સુખદ અને સફળ યાત્રા માટે આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૬ નવેમ્બર, રવિવાર...** સવારે યજ્ઞશાળામાં પધારી યજ્ઞ દરમિયાન સૌનાં સુખદ જીવન માટે પ્રાર્થનાઓ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ નવેમ્બર, સોમવાર...** રાત્રિસભામાં વિદેશની તીર્થયાત્રાએથી પરત પધારેલ વડીલ સાધુઓ પૂ. ભરતદાસજી અને સાધુ પૂ. ઘનશ્યામદાસજીનાં સ્વાગત કર્યાં તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ નવેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૯ નવેમ્બર, બુધવાર...** બપોરે બહારગામથી પધારેલ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ખારઘર મંદિરે દેવદિવાળીનો સમૈયો પૂર્ણ કરીને પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોને સત્કાર્યા. રાત્રે *'પારમિતા'* સભાખંડમાં 'બ્રહ્મનિર્ઝર'ની સેવામાં પધારી ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓના ઉત્સાહમાં વધારો કર્યો.

**૩૦ નવેમ્બર, ગુરુવાર...** સવારે *'પારમિતા'* સભાખંડમાં યોગી વિદ્યાપીઠમાં સેવા આપતા સૌ શિક્ષકગણને નવા સત્રના પ્રારંભે યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ◆